## કાવ્ય વન

### ગાંધીનું નગર

સાબર કિનારે ફોરતું એક ફૂલોનું શહર
માનવ તો માનવ દેવોની એના પર નજર
ઈશનું વરદાન, જનતાનું જાણો જાને જિગર
લીલું લીલું હરિયાળું વિશ્વમાં ગાંધીનું નગર
સંસ્કૃતિકુંજગલનમાં સાહિત્યનો રસથાળ
સંગીતની કોયલ ટહૂકે ને નૃત્યનો ઝણકાર
કરો એકતાને બૂલંદ લાગે ના કોઈની નજર
લીલું લીલું હરિયાળું વિશ્વમાં ગાંધીનું નગર
ભલે ફૂલોનું નગર, તાકાત એની છે ગજબ
હૈયે હૈયું ગાશે યારો ગુજરાતની એ ગઝલ
વિકાસનું લક્ષ્ય એનું સદ્‌ભાવનાની ફૂટી ટશર
લીલું લીલું હરિયાળું વિશ્વમાં ગાંધીનું નગર

- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

### આપણા રામ

વહેલી સવારે મળે આયારામ,
સમી સાંજે હોય ગયારામ
ચૂંટણી ટાણે ઘેર મળે સેવકરામ,
ગરીબોના બેલી બને કાશીરામ
સેવા કરતાં કરોડ કમાય સુખી રામ,
છાપાંમાં અવારનવાર દેખા દે ધનીરામ
વિદાય થઈ ગયા આત્મારામ,
સેવાના સાચા ભેખધારી થયા જુગતરામ
દેશને માટે શહીદ થયા ખુદીરામ,
જનસેવા પ્રભુસેવાના નારાબાજી માટે બાકી રાખી દીધા સીતારામ

- ગજેન્દ્ર ખારોડ

### પીળાં પાન

બંધ ચૅમ્બરમાંથી સાહેબે અચાનક બૂમ પાડી,
'કેટલી વખત કહ્યું છે કે,
મારું ટેબલ સાફ જોઈએ,
આ પીળાં પાનાઓને અહીંથી હટાવો.'
પટાવાળાએ ક્લાર્કને પૂછ્યું,
'સાહેબ, તમારી ફાઈલમાંથી તો પાનાં નથી પડી ગયાંને ?'
ક્લાર્કે ફાઈલનાં બધાં જ પાનાં ચૅક કરી કહ્યું, બધાં જ પાનાં બરાબર જ છે,
અને તે પણ ક્રમાનુસાર જ.'
પટાવાળો વિચાર કરવા લાગ્યો,
સાલું, ફાઈલમાં તો પાનાં બરાબર જ છે,
તો સાહેબ વળી આ કયાં પાનાંની વાત કરે છે !
આ પાનાં ક્યાંથી આવ્યાં હશે !
પટાવાળાએ ગભરાતાં ગભરાતાં ચૅમ્બરનો દરવાજો ખોલ્યો,
અને તરત જ બોલ્યો,
'અરે સાહેબ આ તો કાલે સાંજે જતી વખતે ચૅમ્બરની બારી ખુલ્લી રહી ગઈ હશે,
એટલે તમારા ટેબલ પર આ પાનાં બહારથી ઊડીને પડ્યાં હશે.
લાવો, ફેંકી દઉં બહાર.'
પટાવાળો એ પીળા પડી ગયેલાં પાનાઓને ટેબલ પરથી ઊઠાવીને ટેબલ સાફ કરીને ચાલ્યો ગયો.
એ પીળાં પડી ગયેલાં પાન સાહેબની આંખોમાં ઘર કરી ગયાં.
બારી બહાર નજર નાંખી વિચાર્યું કે જો આ વૃક્ષો પાન પીળાં પડી જતાં તેનો સત્વરે નિકાલ કરે છે તો...
મારે પણ ફાઈલોનાં પાનાં પીળાં પડી જાય તે પહેલાં તેનો નિકાલ કરવો જોઈએ.

- અંકુર શ્રીમાળી

### અલ્લા બેલી

અલ્લા બેલી, અલ્લા બેલી, જાવું જરૂર છે, બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો તું જ છે, બંદર છો દૂર છે !
ફંગોળે તોફાની તીખાતા વાયરા, મૂંઝાયે અંતરના હોયે જે કાયરા,
તારા હૈયામાં જો સાચી સબૂર છે, છોને એ દૂર છે !
આકાશી નૌકાને વીજ દેતી કાટકા, તારી નૌકાનેય દેતી એ ઝાટકા,
મધદરિયે મસ્તીમાં છો ને ચકચૂર છે, બંદર છો દૂર છે !
આંખોના દીવા બુઝાવે આ રાતડી, ધડકે ને ધડકે જે છોટેરી છાતડી
તારી છાતીમાં જુદેરું કો શૂર છે, છોને એ દૂર છે.

- સુંદરજી બેટાઈ

# શિક્ષણ બૉર્ડ દ્વારા ધોરણ-૧૧ની પરીક્ષાનો આજથી આરંભ

## જિલ્લામાં ૫૮૨૭ પરીક્ષાર્થીઓ ૨૭ શાળાઓમાં પરીક્ષા આપશે : આજે ભૌતિક શાસ્ત્રનું પેપર


તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૧૫
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા લેવાનારી ધોરણ-૧૧ની બીજા સૅમિસ્ટરની પરીક્ષાનો આરંભ ૧૬ એપ્રિલથી થઈ રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ૫૮૨૭ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે. સોમવારે પ્રથમ પેપર ભૌતિક શાસ્ત્રનું છે. વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે ગાંધીનગર, ચાંદખેડા, કલોલ અને માણસાની ૨૭ શાળાઓના ૩૦૪ વર્ગખંડોમાં બ્લૉક્સ ઊભા કરવામાં આવ્યા છે. ગેરરીતિના બનાવો ટાળવા દરેક પરીક્ષા સ્થળે સ્ક્વૉડ, બૉર્ડ પ્રતિનિધિ ઉપરાંત ઑબ્ઝર્વરને પણ રાખવાનો નિર્ણય શિક્ષણ બૉર્ડ દ્વારા લેવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિ જળવાય તે માટે પોલીસ બંદોબસ્ત પણ તૈનાત રાખવામાં આવ્યો છે. પરીક્ષા દરમ્યાન મુલાકાત લેનાર મુલાકાતીઓની નોંધ રાખવા માટે દરેક પરીક્ષા કેન્દ્ર ખાતે રજિસ્ટર રાખવાનો આદેશ પણ શિક્ષણ બૉર્ડ દ્વારા જિલ્લા શિક્ષણ તંત્રને આપવામાં આવ્યો છે.

ગાંધીનગર કેન્દ્ર ખાતે ૪૬૫૧, ચાંદખેડામાં ૭૮૩, કલોલમાં ૨૩૭ અને માણસામાં ૧૫૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

બીજા સેમિસ્ટરની આ પરીક્ષા ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, મરાઠી અને અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવશે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૪૬૩૫ વિદ્યાર્થીઓ ગુજરાતી, ૧૧૮ હિન્દી અને ૧૦૭૮ વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા પરીક્ષા આપશે.

પરીક્ષામાં ગેરરીતિ ટાળવા વિડીયોગ્રાફી કરાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે તથા આ પરીક્ષા માટે ખંડ નિરીક્ષક, સ્કવૉડ, સ્થળ સંચાલક સહિતની કામગીરી માટે અંદાજે ૯૦૦ જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે.

## આવતીકાલનો ઉજાસ



**પ્રિયંકા સુકેતુભાઈ શાહ**
**ધોરણ-૧૦**
**માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ**

અભ્યાસમાં અગ્રેસર રહેનારી પ્રિયંકા નમ્ર, વિવેકી, મૂક સેવક, મદદગાર, જિજ્ઞાસુ વિદ્યાર્થીની હોવા ઉપરાંત પ્રકૃતિ અને સમાજ પ્રત્યેની ફરજો પ્રત્યે જાગૃતિ, વિધાયક દ્રષ્ટિકોણ અને સાચા-ખોટા વચ્ચેનો ફરક સમજનાર આદર્શ ભાવિ નાગરિક પણ છે. જનરલ નૉલેજમાં વિશેષ રૂચિ ધરાવનાર આ વિદ્યાર્થીની શિક્ષકો અને વડીલોની લાડકી છે.



**નિર્મિત કે સપોવાડિયા**
**ધોરણ-૧૦**
**માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ**

નિર્મિત અભ્યાસ તેમજ અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં વિશેષ રૂચિ ધરાવતો આદર્શ વિદ્યાર્થી છે. તે શાળા પ્રતિનિધિ મંડળની તમામ જવાબદારીઓ હોંશે હોંશે નિભાવે છે. નમ્ર, વિવેકી, સહકારી અને ઉત્સાહી એવો આ વિદ્યાર્થી ફૂટબૉલમાં હંમેશા અગ્રેસર રહે છે.

# વૅકેશનમાં આત્મન્ અભિવ્યકિત બાળ શિબિરનું કરાયેલું આયોજન

ગાંધીનગર, તા. ૧૪
છેલ્લાં ૧૫ વર્ષથી આત્મન્ ફાઉન્ડેશન દ્વારા નિયમિત રીતે વેકેશનમાં બાળકો માટે આત્મન્ અભિવ્યકિત બાળશિબિર યોજવામાં આવે છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓ આ શિબિરમાં કરાવવામાં આવે છે. વળી તદ્દન કુદરતી વાતાવરણમાં જ તે યોજવામાં આવે છે.

આ વર્ષે તા. ૨૨, ૨૩, ૨૪ એપ્રિલ ૨૦૧૨ (રવિ, સોમ, મંગળ) ત્રણ દવસ માટે આ શિબિર શ્રી જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સેક્ટર-૧૯ પાસે, ગાંધીનગર ખાતે યોજાશે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૧૫નો રહેશે. ધોરણ-૧ થી ૯નાં બાળકો શિબિરમાં ભાગ લઈ શકશે.

ત્રિદિવસીય આ શિબિરમાં બાળકોને બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત, ચિત્રકામ, ક્રાફટ, અભિનય-નાટક, નૃત્ય, રમત ગમત, જાદુ વિજ્ઞાનના પ્રયોગો, વાર્તા વગેરે પ્રવૃત્તિઓ કરાવાશે.

શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકોએ તેમના ફોર્મ નીચેના સ્થળેથી મેળવી તા. ૧૪-૪-૨૦૧૨ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું જરુરી છે.

(૧) સુધા શુકલ, ૯/૪૯, પરિમલ એપાર્ટમેન્ટ, સેકટર-૭, ગાંધીનગર, મો. ૯૮૭૯૨૭૯૫૨૯

(૨) તુષાર દવે, પ્લોટ નં. ૨૪૨/૨, સે-૩-એ ન્યુ, ગાંધીનગર. મો. ૯૨૭૫૧૫૩૮૦૪

(૩) દર્શનાબેન વ્યાસ, પ્લોટ નં. ૭૨૨/૨ એ, પંચશીલ પાર્ક, નમન એપાર્ટમેન્ટ પાસે, સે-૨૧, ગાંધીનગર. ફોન-૨૩૨૨૫૭૯૮

(૪) રજનીકાંત વૈષ્ણવ, પ્લોટ નં. ૩૬૧/૧, પાર્ક વ્યુ સો., સે-૫-એ, ગાંધીનગર. ફોન-૨૩૨૨૯૯૩૮

(૫) વિક્રમ જાની, પ્લોટ નં. ૪૭૨/૨, સ-૪-બી, ગાંધીનગર. મો. ૯૭૨૭૭૨૦૬૮૬

(૬) જયશ્રી ખેતિયા, પ્લોટ નં. ૮૫૦, સોમેશ્વર સોસયટી, સે-૨૭, ગાંધીનગર. મો. ૯૩૭૪૮૦૫૯૪૮

(૭) સી.એલ. મહેતા, ૨૬૪/૪, રોહન પેલેસ, પીંકી ફેશન પાછળ, સે-૨૯, ગાંધીનગર. ફોન-૨૩૨૨૭૯૮૬

# સ્કૂલ ઑફ ઍચિવર ખાતે આજથી સમર કૅમ્પનો આરંભ

## વિવિધ શાળાઓના ૭૦૦ વિદ્યાર્થીઓ શિબિરાર્થી

ગાંધીનગર, તા. ૧૫
સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણ ખાતે આજથી સમર કૅમ્પનો આરંભ થઈ રહ્યો છે.

શ્રી ઍસ ઍસ પટેલ ઍજ્યુકેશન ઍન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્કપણે આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬થી ૨૮ એપ્રિલ દરમ્યાન યોજાઈ રહેલા આ સમર કૅમ્પમાં લૉન ટેનીસ, ટેબલ ટેનીસ, સ્કેટીંગ, ચૅસ, કૅરમ, ઍર રાઈફલ શૂટીંગ, યોગા, કરાટે ઉપરાંત કૅલિગ્રાફી, ડ્રાઈંગ, નાટ્ય અને ડાન્સની તાલીમ તાલીમાર્થીઓને આપવામાં આવશે.

વિવિધ રમતો અને કલા વિષયક તાલીમ ઉપરાંત વિદ્યાર્થીને પોતાની પસંદગીની પ્રવૃત્તિ માટે પણ એક કલાક ફાળવવામાં આવશે.

વિવિધ શાળાઓના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કૅમ્પમાં ભાગ લઈ રહ્યા છે. સંસ્થા દ્વારા શિબિરાર્થીઓ માટે ફ્રી ટ્રાન્સપૉર્ટેશનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# ૧૭થી ૨૧ એપ્રિલ દરમ્યાન ગાંધીનગરમાં નિઃશુલ્ક ટેક્વોન ડો તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગરના સૅક્ટર-૨૨ ખાતે કાર્યરત સરકારી પ્રાથમિક શાળા અને સૅક્ટર-૭માં સ્થિત બગીચા ખાતે તા. ૧૭ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમ્યાન નિઃશુલ્ક ટેક્વોન ડો તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકશે.

બાળકો, યુવાનો અને દરેક ઉંમરના ભાઈ-બહેનો પોતાનો સ્વબચાવ કરી શકે અને પોતાનામાં રહેલી આંતરિક તેમજ બાહ્ય શક્તિનો વિકાસ કરી શકે તે હેતુસર ગાંધીનગર ડિસ્ટ્રીક ટેક્વોન ડો ઍસોસિએશન દ્વારા આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સૅક્ટર-૭ ખાતે સવારે ૭થી ૮ અને સૅક્ટર-૨૨ ખાતે સાંજે ૬થી ૭ દરમ્યાન તાલીમાર્થીઓને આ તાલીમ આપવામાં આવશે.

ઍક્સરસાઈઝ, સ્વબચાવની વિવિધ ટૅકનીક્સ, હેન્ડ-લેગ ટૅકનીક્સ, માર્શલ આર્ટ વિશેની માહિતી તેમજ ધ્યાનનો સમાવેશ આ તાલીમ અંતર્ગત કરવામાં આવ્યો છે.

શિબિરના સમાપન વેળા શિબિરમાં ભાગ લેનારા તાલીમાર્થીઓને સંસ્થા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વિશ્વગ્રામ દ્વારા ૧૧થી ૧૬ મે દરમ્યાન 'જીવનયુક્ત શિક્ષણ' વિષયે શિબિર

ગાંધીનગર, તા. ૧૫
વિશ્વગ્રામ સંસ્થા દ્વારા મહેસાણા ખાતે 'ઓરડામુક્ત જીવનયુક્ત શિક્ષણ' વિષયે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, શંકુઝ વૉટર પાર્ક, અમીપુરા ખાતે આગામી તારીખ ૧૧થી ૧૬ મે દરમ્યાન યોજાઈ રહેલી આ શિબિરમાં ૨૧થી ૪૫ વર્ષની વય સુધીના શિબિરાર્થીઓ ભાગ લઈ શકશે. શિબિરમાં જોડાવા માટે શુક્લ રૂા. ૪૫૦ નિયત કરવામાં આવ્યું છે.

શિબિરમાં અવૈધિક શિક્ષણના અમારા અનુભવો વિષયે મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શુક્લ, ખોજનું શિક્ષણ વિષયે આઈઆઈઍમના પ્રાધ્યાપક અનિલ ગુપ્તા, નઈ તાલીમનો અનાયાસ સ્પર્શ વિષયે સંવેદનશીલ કવિ માધવ રામાનૂજ, ટુ સર વિથ લવ ફિલ્મ દર્શન વિશે સંવેદનશીલ વિવેચક શરીફાબેન વીજળીવાળા, પ્રભુદાસ ગાંધી કૃત જીવનનું પરોઢ પુસ્તક વિષયે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ સુદર્શન આયંગર, પ્રકૃતિ અને જીવન શિક્ષણ વિષયે સાહિત્યકાર મણિલાલ હ પટેલ, ઘરશાળાના મારા અનુભવો વિષયે યુવા કૉલમિસ્ટ જય વસાવડા અને નાટક દ્વારા જીવન કૌશલ્યનું શિક્ષણ વિષયે કલાકાર અનો શિક્ષણવિદ્ સ્વરૂપ સંપત માર્ગદર્શન આપશે. ટાગોર કૃત અચલાયતન નાટક દર્શન જશંવત ઠાકર મૅમોરિયલ ફાઉન્ડેશન દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. શિબિરમાં મર્યાદિત સંખ્યામાં શિબિરાર્થીઓ લેવાશે.

શિબિર અંગેની વધુ વિગતો માટે વિશ્વગ્રામ, મુ.પો. બાસણા, તા. વિસનગર, જિ. મહેસાણા, (મોબાઈલ નંબર - ૯૪૨૬૩ ૮૮૨૩૪) નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# પ્રવૃત્તિઓના પમરાટથી સિદ્ધિની સુવાસ : પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ગાંધીનગર શહેરની એક આગવી ઓળખ બની છે તેની પ્રવૃત્તિઓથી. પૂ. સચ્ચિદાનંદજીના વરદ્ હસ્તે જેનું બીજારોપણ થયું છે અને પરિશ્રમથી પારસમણિની ખેવના જે સંસ્થાના પાયામાં છે તે સંસ્થા જૂન ૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. ૧૮ હજાર ચૉરસ મીટર વિસ્તાર સાથે અદ્યતન શૈક્ષણિક સુવિધાઓ ધરાવતું કૅમ્પસ છે. જેમાં રમતગમત અને અન્ય ઈતર પ્રવૃત્તિઓ માટે ૧૦ હજાર ચૉરસ મીટર ખુલ્લો વિસ્તાર છે. કૅમ્પસમાં પર્યાવરણને શુદ્ધ રાખે તેવાં વિવિધ વૃક્ષો, ઔષધિય રોપાં, સુગંધિત ફૂલછોડ તેમજ વિદ્યાર્થીનીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં વાચન કરી શકે તે માટે લૉન (બગીચો) અને બેસવા માટે બેઠક સુવિધા છે. આ ઉપરાંત વિવિધ સુવિધાઓ જેવી કે મહિલા હૉસ્ટેલ, કૅન્ટીન, ઈનડોર-આઉટડોર રમત માટે વિશાળ મેદાન, કોમ્પ્યુટરાઈઝ્ડ લાયબ્રેરી, અધ્યાપકો માટે અલાયદી બેઠક વ્યવસ્થા, વિવિધ લૅબોરેટરીઝ જેવી કે અદ્યતન ફૂટ ઍન્ડ ન્યુટ્રીશન લૅબ, ક્લોધીંગ ઍન્ડ ટૅક્સટાઈલ લૅબ, ફેમિલી રિસોર્સ મૅનેજમૅન્ટ લૅબ, ઈંગ્લિશ લૅન્ગ્વેજ લૅબ, ઍસેમ્બલી હૉલ, ઑડિયો વિડીયો એઈડની વ્યવસ્થા, કૅમ્પસમાં સીસીટીવી કૅમેરાની આધુનિક સગવડ, ૨૪ કલાક સિક્યુરિટી વ્યવસ્થા અને વિશાળ પાર્કિંગ સુવિધા ધરાવતું કૅમ્પસ છે. બીજાંકુરમાંથી વટવૃક્ષ બનેલી આ સંસ્થાનું મુખ્ય ધ્યેય એ છે કે શિક્ષણ જિજ્ઞાસા સિવાય પ્રાપ્ત થઈ શકે નહીં. માનવી જન્મથી અણઘડ છે, એને શિક્ષારૂપી સાધનથી ઘડી શકાય છે. એક પુરુષને શિક્ષણ એ વ્યક્તિ શિક્ષણથી વધારે નથી, પણ એક સ્ત્રી-કન્યાને શિક્ષણ એક કુટુંબને શિક્ષણ આપવા બરાબર છે. શિક્ષણમાં સંસ્કાર ઘડતરની સાથે વ્યક્તિત્વ ઘડતરની પ્રક્રિયા સતત ચાલતી હોય છે. આજે જ્યારે સ્ત્રી ભ્રૂણ હત્યા રોકવાનો પ્રયત્ન થાય છે ત્યારે આ બદલાયેલી પરિસ્થિતિ, બદલાયેલા સમાજની સાથે કદમ મિલાવવા સ્ત્રી શિક્ષણ જરૂરી છે. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળનું મુખ્ય ધ્યેય સ્ત્રી શિક્ષણ રહ્યું છે. આ મહાયાત્રાનો આરંભ ૧૯૮૩માં પ્રાથમિક શિક્ષણથી શરૂ થયો. એ પછી અનેક નવાં સોપાનો સર કરતી આ સંસ્થા ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. આ વિજય મુગટમાં પીંછાં ઉમેરવા અખિલ આંજણા કેળવણી મહાસભાના પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના પ્રમુખ શ્રી મણિભાઈ ચૌધરી, કાર્યકારી આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને સમગ્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક પરિવાર વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, ઍનઍસઍસ, ઍનસીસી, રમતગમત ઉપરાંત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે જોડાઈને વિવિધ પ્રવૃત્તિઓથી શિક્ષણ અનો વ્યવસાયલક્ષી તાલીમ આપી સમાજમાં માનભેર સ્થાન પ્રાપ્ત કરવા આ સંસ્થા સમાજની બહેનોને તૈયાર કરે છે. મુખ્ય વિષય ગુજરાતી, અંગ્રેજી અને હોમ સાયન્સ સાથે પ્રથમ ગૌણ સંસ્કૃત અને દ્વિતિય ગૌણ સમાજ શાસ્ત્રનો અભ્યાસ કરાવતી આ સંસ્થા સ્ત્રીજીવન સાથે સંકળાયેલા ગૃહવિજ્ઞાનનો અભ્યાસ કરાવી ઘર, કુટુંબ, બાળક અને સમાજના સુસંસ્થાપનમાં સ્ત્રીનું યોગદાન આપવા કટિબદ્ધ થાય છે. ગૃહઉદ્યોગ અને વ્યવસાયલક્ષી તાલીમ પણ પુરી પાડે છે. શૈક્ષણિક ક્ષેત્રે ૯૪ ટકા જેટલું પરિણામ લાવતી આ સંસ્થામાંથી ટીવાયબીએ હોમ સાયન્સની વિદ્યાર્થીની કુ. મીનલ શાહ યુનિવર્સિટીમાં મોખરે રહી હતી તો પલિયડકર કલ્પના ગુજરાતી વિષયમાં મોખરે રહી છે. વર્ષ ૨૦૧૦-૧૧માં પ્રથમ વર્ષ બીએમાં ૬૯ જેટલી વિદ્યાર્થીનીઓએ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈને આ સંસ્થાનો શૈક્ષણિક આલેખ સ્પષ્ટ કરી આપ્યો છે. શૈક્ષણિક કાર્યની સાથે સાથે અભ્યાસ સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી કે બાગાયત વિભાગ ગાંધીનગર દ્વારા પ્રિઝર્વેશનના વર્ગોનું આયોજન, આકાર ઍકેડેમી દ્વારા હેન્ડીક્રાફટના વર્ગોનું આયોજન, કૂકીંગના વર્ગોનું આયોજન ઉપરાંત જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી વર્ગોનું આયોજન, શૈક્ષણિક પ્રવાસ, વિવિધ તજ્જ્ઞોનાં વ્યાખ્યાનો, નાટ્યશિબિર, પર્સનાલિટી ડેવલપમેન્ટના વર્ગો, સંન્નિધાન જેવી અધ્યયન-અધ્યાપનને લગતી શિબિર, વિષય અંગેના પરિસંવાદો, બાયસેગ - ઉચ્ચ શિક્ષણના કાર્યક્રમોના જીવંત પ્રસારણમાં હાજરી. આમ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનીઓ હંમેશા પોતાના શૈક્ષણિક ગ્રાફને ઊંચો રાખે છે. આ ગ્રાફને વધુ ને વધુ ઊંચો લઈ જવાના પ્રયત્નો જેવા કે 'ક્વૉલિટી મૅનેજમૅન્ટ ઍન્ડ ગ્લોબલ ચૅલેન્જીંગ ઈન હાયર ઍજ્યુકેશન' વિષય અંતર્ગત અંગ્રેજી વિભાગની ૧૦ વિદ્યાર્થીનીઓએ શોધપત્ર રજૂ કર્યા છે તો ગુજરાતી અને સપ્તધારા દ્વારા 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત દ્વિદિવસીય પરિસંવાદ યોજીને ૨૭૦ જેટલી વિદ્યાર્થીનીઓએ પુસ્તક સમીક્ષા કરી હતી તેમજ તજ્જ્ઞો સામે પચીસ જેટલી વિદ્યાર્થીનીઓએ સંશોધનપત્ર રજૂ કર્યાં હતાં.

ઉપરાંત ભાષાકીય પ્રવૃત્તિને વેગ આપવા ટેટૂઝ, ચાર્ટ પ્રદર્શન યોજાય છે. નોટિસ બૉર્ડ રાઈટીંગ અને સુવિચાર લેખન આ આર્ટ્સ કૉલેજની નિયમિત પ્રવૃત્તિ છે. વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાતી વિભાગની વિદ્યાર્થીની કુ. નિરાલી મહેન્દ્રભાઈ મહેતા રાજ્યકક્ષા સુધી અગ્રતાક્રમે રહી હતી અને યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલ અંતર્ગત વાચન સ્પર્ધામાં પણ તેણે અગ્રતાક્રમ જાળવ્યો હતો.

શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ માટે જોડાયેલું બીજું મહત્ત્વનું સોપાન

**મારી શિક્ષાભૂમિ**

એટલે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. ગુજરાતી વિષયની પૂર્વ વિદ્યાર્થીની રીટા વાઘેલા લિખિત પુસ્તક 'લાડકીનું મંથન' મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વિમોચિત થયું હતું. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજમાં આ પુસ્તક વસાવવા માટે ભલામણ કરવામાં આવી છે. મહુધા કૉલેજ દ્વારા પ્રતિવર્ષ યોજાતી આંતર કૉલેજ નિબંધ સ્પર્ધામાં આ સંસ્થાની બહેનો પ્રતિવર્ષ એકથી ત્રણ ક્રમાંકમાં પોતાનું સ્થાન જાળવે છે. આ વર્ષે માણસા કૉલેજ દ્વારા આયોજિત વિવિધ આંતર કૉલેજ સ્પર્ધામાં નિબંધ સ્પર્ધામાં ખુશ્બુ ચાવડા, કાવ્યલેખનમાં નેહા તળાવિયા, પોસ્ટર મેકીંગમાં અંકિતા હળપતિ, ચિત્ર સ્પર્ધામાં ચંદ્રિકા દાતણિયાએ ભાગ લઈ સંસ્થાનું નામ રૉશન કર્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત સાહિત્ય પર્વ અંતર્ગત લગ્નગીત સ્પર્ધામાં પણ સંસ્થાની વિદ્યાર્થીનીઓ અગ્ર રહે છે.



શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની જેમ આ સંસ્થાની બહેનો ખેલ દ્વારા ખેલદિલીની ભાવના સેવે છે. કુ. હેતલ ઍમ ચૌધરીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાત સરકાર દ્વારા સરદાર પટેલ ઍવોર્ડથી સન્માનિત થઈને આ સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. સતત ૧૪ વર્ષથી કબડ્ડીની ઈન્ટર કૉલેજ સ્પર્ધામાં આ સંસ્થા વિજયી રહે છે. આવી પ્રવૃત્તિઓને વેગ આપવા છેલ્લાં ૧૧ વર્ષથી વિભિન્ન સ્પર્ધાઓ સંસ્થાના યજમાનપદે યોજાય છે. ૧૯૯૫-૯૬થી અત્યાર સુધી ૬૨ વિદ્યાર્થીનીઓએ ઑલ ઈન્ડિયા વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ.માં જુદી જુદી કક્ષાએ સ્પર્ધા પુરી પાડી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં સાઉથ ઝોન ઈન્ટર કૉલેજ કબડ્ડી અને સૉફ્ટ બોલમાં ચૅમ્પિયનશીપ મેળવી આ પ્રવૃત્તિ જાળવી રાખી છે. ઉપરાંત ઈન્ટર કૉલેજ એથ્લેટીક્સમાં ગોળા ફેંક સ્પર્ધામાં કુ. પૂજા ઍમ ચૌધરી અને ચક્ર ફેંકમાં કુ. કિરણ એ ચૌધરી પ્રથમ ક્રમે વિજયી બન્યાં છે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ઉપરાંત કૉલેજ દ્વારા આયોજિત સ્પોર્ટ્સ ડેમાં પણ વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે. ઍનઍસઍસમાં દર વર્ષે ગ્રામ શિબિરમાં વિદ્યાર્થીનીઓ ભાગ લે છે તો ઍનસીસીની પ્રવૃત્તિ કરતી બહેનો નૅશનલ પરેડ માટે પણ પસંદગી પામે છે. તાજેતરમાં કુ. વિજેતા વિક્રમસિંહ રાઠોડે ગુજરાત ગર્લ્સ બટાલિયન યુનિટમાંથી બેસ્ટ કૅડેટ તરીકેનો ગોલ્ડ મૅડલ મેળવ્યો છે અને કુ. ચેતના રોમસરા અને કુ. અનિતા અજિતસિંહ ચૌહાણે આરડીસી માટે પસંદગી મેળવીને આ કૅમ્પમાં સિલૅક્શનની કૉલેજની પરંપરા જાળવી છે.

કૉલેજનું આગવું નજરાણું કૉમ્પ્યુટરાઈઝ્ડ લાયબ્રેરી છે, જેમાં વિવિધ વિષયોનાં પુસ્તકો સહિત ૩૨ જેટલાં મૅગેઝીનનો સમાવેશ પણ છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવવા માટે અહીં ઉદીશા ઉપરાંત સીડબલ્યૂડીસીના કન્વીનરો તૈનાત છે.

શિક્ષણની સાથે વ્યવસાયલક્ષી તકો પુરી પાડવા વખતોવખત સંસ્થા દ્વારા પ્લેસમૅન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આ વર્ષે ઈકવીકૉમ રીસર્ચ ઍન્ડ સર્વિસીસમાં સંસ્થાની ૧૦ જેટલી વિદ્યાર્થીનીઓએ પસંદગી મેળવીને સંસ્થાનું નામ રૉશન કર્યું છે.

આમ, જીવણભાઈ માધાભાઈ ચૌધરીનો સમાજની બહેનોને શિક્ષણની તક પુરી પાડી તેમના સામાજિક દરજ્જાને બળવાન બનાવવાનો હેતુ સાર્થક થયો છે. અખિલ આંજણા કેળવણી મંડળે આ હેતુને સાર્થક કરવા આર્ટ્સ ઉપરાંત પીટીસી, બીઍડ, ઍમએડ, બીબીએ, બીસીએ, ઍમસીએ અને ઍમબીએ જેવી શાખાઓ માત્ર મહિલાઓ માટે શરૂ કરીને સમાજમાં એક નવતર પ્રયોગ આદર્યો છે.